**બીજો પ્રયત્ન**

# જુવેનાઇલ જસ્ટીસ એકટ અન્વયે રાજ્યના દરેક જિલ્લામાં રચાયેલ ચાઇલ્ડ વેલફેર કમિટી(CWC)ના બિનસરકારી સામાજિક કાર્યકરોની નિમણૂંક કરવા બાબત.

રાજ્યમાં જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોના ન્યાય અને નિર્ણય માટે કાર્યરત **ચાઇલ્ડ વેલફેર કમિટી(CWC)**માં નીચે મુજબની લાયકાત ધરાવતા બે બિનસરકારી સભ્યોની નિમણુંક માટે નીચે મુજબના જિલ્લાઓ માટે જિલ્લાની સામે દર્શાવેલ મહિલા તથા પુરૂષ ઉમેદવાર માટે સામાજિક ક્ષેત્રે કાર્યરત ઉમેદવારો પાસેથી અરજીઓ મંગવવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | મહિલા | પુરૂષ |
|---|---|---|---|
| ૧ | અમરેલી, અરવલ્લી, બોટાદ, છોટાઉદેપુર, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગીરસોમનાથ, જામનગર, મહિસાગર, મોરબી, નર્મદા, નવસારી, પોરબંદર, તાપી તથા વલસાડ | √ | √ |
| ૨ | ભાવનગર | √ | |

૧) તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ ૩૫ વર્ષ કે તેથી વધુ ઉમર.

૨)બાળકોના શિક્ષણ, આરોગ્ય અથવા કલ્યાણકારી પ્રવૃત્તિઓનો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી લઘુત્તમ અધ્યક્ષ માટે દસ વર્ષનો અનુભવ તથા સભ્ય માટે સાત વર્ષનો અનુભવ.

અથવા

૨)બાળ મનોવિજ્ઞાન અથવા મનોચિકિત્સા અથવા સમાજકાર્ય અથવા સમાજશાસ્ત્ર અથવા માનવ વિકાસ ક્ષેત્રમાં અથવા કાયદાના ક્ષેત્રમાં પદવી ધરાવતા કાર્યરત વ્યવસાયી, નિવૃત્ત ન્યાયાધીશ સહિત.

**નોંધ :(૧) ઉપરોક્ત જાહેરાત સરકારી નોકરીની ભરતી માટેની નથી.**

**(૨)** પસંદગી પામનાર વ્યકિતને ચાઇલ્ડ વેલફેર કમિટી(C.W.C.) ની પ્રત્યેક બેઠકમાં હાજરી આપવા બદલ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મળવાપાત્ર ભથ્થા સિવાય અન્ય કોઇ પગાર ભથ્થાં મળવાપાત્ર નથી.

(૩) સમિતિમાં સભ્ય તરીકે નિયુક્ત થનાર વ્યક્તિની નિયુક્તિની મુદત મહત્તમ ત્રણ વર્ષની રહેશે.

(૪) જરૂર જણાય તો પસંદગી માટે બહુ વૈકલ્પિક પ્રશ્નો આધારીત પરીક્ષા, કોમ્પ્યુટર કૌશલ્ય તથા રૂબરૂ મુલાકાત માટે સ્વખર્ચે ‘‘રાજ્ય સ્તરની પસંદગી સમિતિ’’ સમક્ષ હાજર રહેવાનું રહેશે.

(૫) વધુ માહિતી માટે કચેરી ફોન નં ૦૭૯-૨૩૨૪૨૫૨૧ પર ૧૧:૦૦ થી ૫:૦૦ દરમિયાન સંપર્ક કરવા વિનંતી.

(૬) રજી તા.૧૫.૯.૨૦૧૬ સુધીમાં લાયકાત, અનુભવના પ્રમાણપત્ર સાથે નિયતપત્રકમાં અરજી **“મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી -વ- નિયામકશ્રી,સમાજ સુરક્ષા, બ્લૉક નં.૧૯, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર”**ને કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી ધ્યાનમાં લેવાશે નહિ.

## અધ્યક્ષ અથવા સભ્ય તરીકે પસંદગી પામનાર વ્યક્તિ

(i) અગાઉ કોઇ પણ બાબતે દોષી ઠેરવાયેલ હોવા જોઇએ નહી.

(ii) કોઇ અનૈતિક કૃત્ય અથવા દુરુપયોગ અથવા બાળકોના શોષણ સંબંધિ કૃત્યોમાં સામેલ હોવી જોઇએ નહી.

(Iii) પૂર્ણ કાલીન વ્યવસાયમાં જોડાયેલ હોવાથી તે/તેણી જે કાયદા અને નિયમો મુજબ સમિતિમાં કામ કરવા માટે જરૂરી સમય અને ધ્યાન આપી શકે નહી.

(Iv) ચેરપર્સન અથવા સમિતિના સભ્ય તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કોઇ બાળ સંભાળ સંસ્થા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ અથવા અન્ય કોઇ સંઘર્ષ કે હિતના કારણે સંકળાયેલ હોવા જોઇએ નહી.

(V) કોઈપણ રાજકીય પક્ષ સાથે જોડાયેલ હોવા જોઇએ નહી.

(Vi) નાદાર હોવા જોઇએ નહી.

(vii) નૈતિક ભ્રષ્ટતાવાળા કોઇ પણ ગુનામાં દોષિત ઠેરવવામાં આવેલ હોય અને આવી શિક્ષા દૂર કરવામાં આવેલ ન હોય તેવા ગુનાના સંદર્ભમાં સંપૂર્ણ માફી આપવામાં આવેલ ન હોય

(viii) અગાઉ અરજી કરેલ હોય તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેતી નથી.